ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને
સમાન ફાળા પેટે રૂ.૧૫૦.૦૦ લાખની ગ્રાન્ટ
ફાળવવા બાબત.
સને ૨૦૧૯-૨૦

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવક્રમાંકઃ લઘસ-૧૦૨૦૦૬-૧૩૪૮-અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૯/૦૩/૨૦૨૦

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪/૦૩/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૯/૧૨૦૩૧૯/બ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૦૮/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૮/૧૨૦૩૧૯/બ

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૬/૦૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/બો.નિ./૨૦૧૯-૨૦/૧૬૪

આ મુ ખ :-

ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે સમાન ફાળા પેટે રૂ.૧૫૦.૦૦ લાખ(અંકે રુપિયા એકસો પચાસ લાખ પુરા) ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવેલ છે. જે અન્વયે આ વિભાગના વંચાણ (૧) સામે દર્શાવેલ તા.૧૪/૦૩/૨૦૧૯ અને વંચાણ (૨) સામે દર્શાવેલ તા.૨૦/૦૮/૨૦૧૯ના ઠરાવથી આ ગ્રાન્ટની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાના વંચાણ (૩) હેઠળના તા.૨૬/૦૨/૨૦૨૦ના પત્રથી આ ગ્રાન્ટ ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમના હવાલે મૂકવા માટે કરેલ દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

ઠ રા વઃ-

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમના સમાન ફાળા પેટે રૂ.૧૫૦.૦૦ લાખ(અંકે રુપિયા એકસો પચાસ લાખ પુરા)ની ગ્રાન્ટ ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો:</u>

૧. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.

૨. જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૩. સને ૨૦૧૯-૨૦ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૪. આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષે મંજૂર થયેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

૫. આ અંગેનો ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૬. ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ દ્વારા મંજૂર કરવામાં આવેલ લોનની રીકવરી નિયમિત રીતે થાય તેની પર્યાપ્ત કાળજી અચુક લેવાની રહેશે અને રીકવરીની વિગતો પ્રસંગોપાત સરકારને રજુ કરવાની રહેશે.

૭. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર- ૬૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગો અને લઘુમતીઓના કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર-૦૪ લઘુમતીઓનું કલ્યાણ, ગૌણ સદર-૮૦૦ અન્ય લોન, પેટા સદર-૦૧ એમએનટી-૧૪ રાષ્ટ્રીય પછાત વર્ગ નાણા અને વિકાસ નિગમમાં સામા સમાન ફાળો માટે ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહશે.

આ ઠરાવ વિભાગના અગ્ર સચિવશ્રીની તા.૧૯/૦૩/૨૦૨૦ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એ.ચૌહાણ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- રેસિડેન્ટ ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લિ. ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ-૨૦૨૦